## ભાજપ ‘ભાવ’ આપે તે પુર્વે ‘કિંમત’ ઘટાડી દે છે

# યુપી-ગુજરાતમાં ભાજપની સરખી ચિંતા; કેજરીવાલનું ભાવી પેટાચૂંટણી પર???

### લુધીયાણા પેટાચૂંટણી ‘આપ’ જીતે તો કેજરીવાલને રાજયસભાની બેઠક મળે! તમામ નેતાઓને કામે લગાડી દીધા

### દિલ્હીમાં અમીત શાહ– યોગી આદીત્યનાથ ફરી મળ્યાઃ પ્રદેશ પ્રમુખનું કોકડું ગુચવાયું છે!

### સુપ્રીયા સુલેને કેન્દ્રીય મંત્રી બનવાની ઉતાવળ છે પણ ભાજપ નજીક લાવીને રાહ જોવરાવે છે

**નવી દિલ્હીઃ** ગુજરાત સહિતના રાજયોના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિમાં ભાજપની અત્યંત વિલંબથી ચાલી રહેલી પ્રક્રિયા હવે ગતિ આવ્યાના અહેવાલ છે. જેમાં ગઈકાલે દિલ્હીના ઉતરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદીત્યનાથ ગૃહમંત્રી શ્રી અમીત શાહને મળ્યા હતા. ગુજરાતની માફક ઉતરપ્રદેશમાં પણ નવા પ્રદેશ પ્રમુખની પસંદગી માટેની પ્રક્રિયા ચાલુ છે. રાજયમાં હાલમાં જ જીલ્લા મહાનગરના પ્રમુખોની નિયુક્તિ કરવાની પ્રક્રિયા પુરી થઈ છે અને હવે પ્રદેશ સંગઠન અંગે પ્રક્રિયા થશે.





૨૦૨૭માંજ ગુજરાતની પુર્વ ઉતરપ્રદેશમાં ધારાસભા ચૂંટણી થશે જે રીતે લોકસભા ચૂંટણીમાં પક્ષને સહન કરવું પડયું અને અડધો અડધ બેઠકો ગુમાવવી પડી તે સ્થિતિથી અનેક ધારાસભા મતક્ષેત્રમાં ભાજપની સ્થિતિ ‘પાતળી’ હોવાનુ માનવામાં આવે છે.

ઉતરપ્રદેશમાં નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે અનેક નામ ચર્ચામાં છે. ખાસ કરીને હવે ભાજપ કોઈ દલિત નેતા પર પસંદગીનો કળશ ઢોળી શકે છે. લોકસભા ચુંટણીમાં સમાજવાદી પક્ષે યાદવ મુસ્લીમ દલીતનું સમીકરણ સફળ બનાવ્યું હતું. જો કે ચોવીસ નામ પણ ચર્ચામાં જ છે. પશુપાલન મંત્રી ધર્મપાલસિંહ, દલિત નેતા વિદ્યાસાગર સોનકર અને વિનોદ સોનકરના નામ ઉપરાંત બ્રાહ્મણમાં પુર્વ ઉપમુખ્યમંત્રી દિનેશ શર્મા અને પુર્વ સાંસદ હરીશ દ્વીવેદી પણ આ પદ માટે પસંદગીની યાદીમાં છે. ગુજરાતની માફક ઉતરપ્રદેશમાં પણ મંત્રીમંડળની પુનઃરચનાની લાંબા સમયથી રાહ જોવાય છે પણ એક વખત સંગઠન પ્રક્રિયા પુરી થયા બાદ જ તે હાથ ધરાશે તેવી ચર્ચા છે.

**પંજાબ પેટાચૂંટણીઃ ભાવી કેજરીવાલનું નકકી થશે**

પંજાબમાં લુધીયાણા પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટી પ્રતિષ્ઠાનો જંગ ખેલી રહી છે. પક્ષના જ ધારાસભ્યના નિધનથી આવી પડેલી આ બેઠક પર પક્ષે રાજયસભાના સાંસદ સંજીવ અરોરાને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ જીતી જાય તો માન સરકારમાં મંત્રી બનશે અને તેઓની રાજયસભાની બેઠક ખાલી થાય તો તેના સ્થાને અડધી ટર્મ માટે પણ પંજાબમાંથી અરવિંદ કેજરીવાલ રાજયસભામાં જવા માંગે છે તેવી ચર્ચા છે. આથી તેઓ આ પેટાચૂંટણીમાં જોર લગાવી રહ્યા છે અને દિલ્હીથી પંજાબ બન્ને રાજયના નેતાઓને પ્રચારમાં જોડી દેવાયા છે. કોંગ્રેસના ભરત ભૂષણ એક અનામત ઉમેદવાર છે પણ પુરી કોંગ્રેસ તેની સાથે નથી.

## સુપ્રીયાને મંત્રી બનવાની ઉતાવળ!

જયારથી મહારાષ્ટ્રમાં કાકા-અજીત પવાર નાયબ મુખ્યમંત્રી બન્યા છે ત્યારથી તેમના ભત્રીજા અને શરદ પવારના સાંસદ પુત્રી સુપ્રીયા સુલેને પણ કેન્દ્રમાં મંત્રી બનવું છે. તેમાં અવારનવાર બે એનસીપીની એકતાની વાતો કરે છે. જો એનસીપી એક થાય અને એનડીએમાં જોડાય તો સુપ્રીયા સુલે કેન્દ્રમાં મંત્રી બની શકે અને ભાવી સલામત થઈ જાય પણ ભાજપને ઉતાવળ નથી. તે એનસીપીનો પુરો ‘કચરો’ લેવા માંગતુ નથી. હાલમાંજ પક્ષને મહારાષ્ટ્રમાં છગન ભૂજબળને મંત્રી બનાવવા પડયા જેમાં પણ ‘જામીન’ પર છે. ઉપરાંત મહારાષ્ટ્રમાં મુંબઈ સહિતની મહાપાલિકાની સ્થાનિક ચુંટણીઓ આવી રહી છે.

ભાજપ ધીમે ધીમે સાથી પક્ષોની ભૂમિકા ઘટાડવા માંગે છે. શરદ પવારને પણ ઈચ્છા છે કે પુત્રીને મંત્રીપદ મળે તો તેના ભત્રીજા મહારાષ્ટ્રમાં રાજ કરે પણ બધું ભાજપ પર નિર્ભર છે. હાલમાંજ સુપ્રીયા સુલેને ઓપરેશન સિંદુર બાદ જે રીતે વિદેશ ગયેલા પ્રતિનિધિમંડળમાં નેતૃત્વ અપાયુ પછી તેમાં મોદી સરકારની નજીક છે તેવું માનવા લાગ્યા છે પણ શરદ પવાર જાણે છે કે ભાજપ ભાવ આપે તે પુર્વે જ કિંમત ઘટાડી દે છે!



### સરકાર ખુદના અંકુશ હેઠળની પોલીસને કેમ દોષીત ગણાવી શકેઃ સીધો પ્રશ્ન

# બેંગ્લુરૂ દુર્ઘટનાઃ સિદ્ધરમૈયા મુશ્કેલીમાંઃ કોંગ્રેસ હાઈકમાન્ડનું તેડુ

### મુખ્યમંત્રીના સતત બદલતા જતા વલણ સામે હવે એકશનની તૈયારીઃ હાઈકોર્ટે હાલ આરસીબી અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીમાં કોઈની ધરપકડ કરવા સામે સ્ટે આપ્યો

બેંગ્લુરુ તા.૧૦

રોયલ ચેલેન્જર બેંગ્લોરના આઈપીએલમાં વિજય સાથે યોજાયેલી રેલીમાં જે રીતે ૧૧ લોકો કચડાઈને મર્યા તેમાં એક તરફ રાજયના મુખ્યમંત્રી સિદ્ધરમૈયાની મુશ્કેલી વધતી જાય છે તો બીજી તરફ રોયલ ચેલેન્જર બેંગ્લોર અને તેની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની ડીએનએ એન્ટરપ્રાઈઝ સામે પણ હવે વધુ આકરા પગલા આવી રહ્યા છે. પરંતુ કર્ણાટક હાઈકોર્ટે આ કેસમાં હાલ આરસીબી અને ડીએનએ સામે પગલા લેવા સામે સ્ટે આપી દીધો છે. રાજય સરકાર આરસીબી અને તેની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની પર દોષ ઢોળવા પ્રયત્ન કરી રહી છે. એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં એવી રજુઆત કરી કે ક્રિકેટ ચાહકોને સ્ટેડીયમ પહોંચવા આ બંનેએ જ આમંત્રણ આપ્યું હતું પરંતુ કોઈ વ્યવસ્થા કરી ન હતી. જો કે રોયલ ચેલેન્જર બેંગ્લોરે દાવો કર્યો કે જે ધરપકડ કરાઈ છે તે રાજકીય છે, સરકાર પોતાને બચાવવા માટે પોલીસ અને અમારા પર દોષનો ટોપલો ઢોળી રહી છે. બીજી બાજુ મુખ્યમંત્રી સિદ્ધરમૈયા પણ મુશ્કેલીમાં છે. સમગ્ર ઘટનામાં જે રીતે તેઓએ પોલીસ અને આરસીબીને દોષી ઠેરવવા પ્રયત્ન કર્યો તેનાથી કોંગ્રેસ મોવડીમંડળ નારાજ છે. સરકાર પોતાની જ પોલીસને દોષીત ગણાવી શકાય નહી અથવા જવાબદારીમાંથી છટકી શકે નહી અને આથી સિદ્ધરમૈયાને રાજીનામુ આપવુ પડે તેવી પણ શકયતા છે.



# યુવાનોમાં બ્રેઈન ટ્યુમરનું જોખમ વધી રહ્યું : ડોકટરોએ આપી ચેતવણી

### માથાનો દુઃખાવો, ચક્કર આવવા, ઉલટી અથવા સ્વભાવમાં ફેરફાર જેવાં સામાન્ય લક્ષણોને ગંભીરતાથી લેવા જોઈએ



નવી દિલ્હી,તા.૧૦

ભારતમાં ન્યૂરોલોજિસ્ટ દેશમાં ખાસ કરીને યુવાનોમાં બ્રેઈન ટ્યૂમરના વધતાં જતાં કેસો પર ચિંતા વ્યક્ત કરી રહ્યાં છે. તેમનું કહેવું છે કે સૌથી મોટી સમસ્યા સારવારનો અભાવ નહીં પરંતુ લોકોમાં જાગૃતિનો અભાવ છે, જેનાં કારણે આ રોગની જાણ ખૂબ જ મોડેથી થાય છે. ફોર્ટિસ મેમોરિયલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ન્યુરોલોજિસ્ટ ડો.પ્રવીણ ગુપ્તા જણાવે છે, ‘‘બ્રેઈન ટ્યુમરના લક્ષણો ઘણીવાર માથાનો દુખાવો, ચક્કર આવવા અથવા ભૂલી જવા જેવી સામાન્ય સમસ્યાઓ જેવાં જ હોય છે. વાસ્તવિકતા જાણવા માટે દર્દી ડોક્ટર પાસે પહોંચે ત્યાં સુધીમાં તો મગજને જે નુકસાન થાય છે તે ઘણી વાર થઈ ચૂક્યું હોય છે જેને રિપેર કરી શકાતું નથી.

**બ્રેઈન ટ્યુમર એટલે શું ? :-**

બ્રેઈન ટ્યુમર એ મગજમાં અથવા તેની આસપાસના કોષોની અસામાન્ય વૃદ્ધિ છે. કેટલીક ગાંઠો બિન-કેન્સરગ્રસ્ત હોય છે અને કેટલીક જીવલેણ હોય છે. આનો સૌથી મોટો ખતરો એ છે કે તેનાથી મગજની પેશીઓ પર દબાણ આવે છે, બોલવામાં, યાદશક્તિ અને ચાલવા પર તેની અસર થાય છે.

**યુવાનો શા માટે બની રહ્યાં છે શિકાર ? :-**

આકાશ હેલ્થકેરના ડો.મધુકર ભારદ્વાજે એક ચિંતાજનક વલણ તરફ ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, ‘‘હવે અમે વધુ યુવાનોમાં બ્રેઈન ટ્યુમર જોઈ રહ્યાં છીએ, અને આંચકી, સ્વભાવમાં સ્વભાવ, ઉલટી અથવા અસ્પષ્ટ દ્રષ્ટિ જેવા લક્ષણોને ઘણીવાર અવગણવામાં આવે છે. મગજની ગાંઠ ખતરનાક છે કારણ કે તે મગજના ખૂબ જ સંવેદનશીલ ભાગમાં થાય છે. નાની ગાંઠ પણ જો મહત્વપૂર્ણ ભાગની નજીક હોય તો તે જીવલેણ બની શકે છે. હાલના આંકડા મુજબ, કેન્સરગ્રસ્ત બ્રેઈન ટ્યુમરની જાણ થયાં પછી દર્દીઓનો સરેરાશ જીવવાનો દર માત્ર ૧૨ થી ૧૮ મહિનાનો હોય છે.

**જાગૃતિ એ જ ખરી લડાઈ છે :-**

ડોકટરો એકમત છે કે વાસ્તવિક લડત જાગૃતિ છે. સારવારના વિકલ્પો જેવાં કે સર્જરી, કીમોથેરાપી અને રેડિયેશન થેરાપી અસ્તિત્વમાં છે, પરંતુ તે ખૂબ ખર્ચાળ છે. ઘણા દર્દીઓ માથાના દુખાવાની સારવાર લેવાનું ચાલું રાખે છે અને જ્યારે તેઓ યોગ્ય ડોકટર પાસે પહોંચે છે, ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ગયું હોય છે.

**આંકડા જે ચિંતાજનક છે :-**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર દર ૧ લાખમાંથી ૧૦ લોકોને બ્રેઈન ટ્યૂમર હોય છે. ભારતમાં આ આંકડો ૫ થી ૧૦ની વચ્ચે છે. જો કે, નિષ્ણાતોનું માનવું છે કે દેશના ઘણા ભાગોમાં એમઆરઆઈ અને સીટી સ્કેન જેવી આધુનિક નિદાન સુવિધાઓના અભાવને કારણે, વાસ્તવિક આંકડો ઘણો વધારે છે. ભારતમાં દર વર્ષે લગભગ ૨૮,૦૦૦ નવા કેસ આવે છે, અને આ સંખ્યાને પણ ઓછી નોંધવામાં આવે તેવી સંભાવના છે.

# ગરમીથી રાહત માટે યુપીમાં ટ્રાફિક પોલીસ માટે એસી હેલ્મેટ




યુપી ,તા.૧૦

જો તમે ગરમીમાં ૧૦ મિનિટ માટે ઓફિસની બહાર નીકળો છો, તો એવું લાગે છે કે આખું શરીર બળી રહ્યું છે અને આંખો લાલ થઈ જાય છે. બાકી પરસેવો થવો સામાન્ય વાત છે. પરંતુ જરા વિચારો કે આ કાળઝાળ ગરમીમાં તડકામાં કલાકો સુધી રસ્તા પર ઉભેલાં ટ્રાફિક પોલીસવાળા કે જેઓ તમને સમયસર ઘરે પહોંચાડવા માટે ટ્રાફિક વ્યવસ્થા રાખે છે. આવી સ્થિતિમાં સમયાંતરે જુદા જુદા રાજ્યોમાં ટ્રાફિક પોલીસ માટે એસી હેલ્મેટની વ્યવસ્થા કરવામાં આવે છે. હવે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે પણ ટ્રાફિક પોલીસ માટે એસી હેલમેટની વ્યવસ્થા કરી છે અને તેમની સુવિધા માટે સેંકડો હેલ્મેટનું વિતરણ કર્યું છે.

**એક્ટિવ-કૂલિંગ હેલ્મેટ :-**

ગયા વર્ષે હૈદરાબાદની એક કંપની જેર્શ સેફ્ટીએ ખાસ કરીને એસીથી સજ્જ હેલમેટ લોન્ચ કર્યું હતું. એક્ટિવ કૂલિંગ નામનું આ એસી હેલ્મેટ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ તેમજ કન્સ્ટ્રકશન કંપનીઓમાં કામ કરતા લોકો માટે ખાસ રજૂ કરવામાં આવ્યું હતું. થોડા જ દિવસોમાં આ એસી હેલ્મેટ દેશભરમાં ફેલાઈ ગયું અને ઘણા રાજ્યોમાં ટ્રાફિક પોલીસકર્મીઓને આ હેલ્મેટ આપવામાં આવ્યા, જેથી તેઓ તડકામાં કામ કરી શકે.

**વધુ પડતું વજન નથી :-**

આ હેલમેટમાં ૨૦૦ ગ્રામનું એર કન્ડિશન (એસી) આપવામાં આવ્યું છે. કંપનીનો દાવો છે કે આ હેલમેટ સામાન્ય તાપમાનમાં ૧૦-૧૫ ડિગ્રીનો ઘટાડો કરવામાં સક્ષમ છે. એટલે કે ધારો કે બહારનું તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ હોય તો તેને પહેરનારાઓનું માથું ઠંડુ હશે અને તેમને માત્ર ૩૦-૩૫ ડિગ્રી સુધીનો જ અનુભવ થશે. આ એસી હેલ્મેટની કિંમત ૧૩ થી ૧૭ હજાર રૂપિયા સુધીની હોય છે.

**બેટરી ૧૦ કલાક સુધી ચાલે છે :-**

આ એસી હેલ્મેટમાં એક નાનું એસી છે, જે બેટરી પર ૧૦ કલાક સુધી ચાલી શકે છે. હેલ્મેટમાં બેટરી પંખાને ચલાવે છે. ઠંડી હવા પહોંચાડવા માટે જેલ પેક અથવા બાષ્પીભવનશીલ ઠંડક પ્રણાલીનો પણ ઉપયોગ થાય છે. તેમાં નાના પંખા અને કૂલિંગ સિસ્ટમ છે, જે બાઇક સવારનું માથું ઠંડુ રાખે છે. દેશ અને દુનિયામાં કેટલાક એસી હેલમેટ પણ છે, જેમાં સોલર પેનલ્સ પણ છે, જેથી તેની બેટરી ઓટોમેટિક ચાર્જ થઇ જાય છે.

### ૨૨ વર્ષ જુના કેસમાં સર્વોચ્ચ અદાલતે મદ્રાસ હાઈકોર્ટનો ચુકાદો રદ્દ કયા

# ફોજદારી કેસમાં હાઈકોર્ટ ખુદ સંજ્ઞાન લઈને સજા વધારી કે ઘટાડી શકે નહીંઃ સુપ્રિમ

### ફકત અપીલના સમયે જ હાઈકોર્ટને આ પ્રકારની સુનાવણીનો અધિકાર

નવીદિલ્હી તા.૧૦

દેશની હાઈકોર્ટની સતાઓ પર એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું હતું કે કોઈપણ ફોજદારી કેસમાં હાઈકોર્ટ સ્વયં તે મામલાનું સંજ્ઞાન લઈને સજા વધારી કે ઘટાડી શકે નહીં. મદ્રાસ હાઈકોર્ટના ૨૨ વર્ષ જુના એક કેસમાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો ચુકાદો રદ કર્યો હતો. આપઘાતના કેસમાં જસ્ટીસ વી.બી. નાગરત્નની ખંડપીઠે જણાવ્યું કે હાઈકોર્ટ ફકત તેની સમક્ષ થતી અપીલની જ સુનાવણી કરી શકે. કોઈપણ કેસમાં તે ખુદ સંજ્ઞાન લઈને સજા જે ટ્રાયલ કોર્ટ અને સેશન્સ કોર્ટે આપી હોય તેના પર પોતાની રીતે સુનાવણી કરી શકો નહીં. જો દોષી સાબીત થયેલા વ્યકિત કે તેના વિરૂધ્ધની અપીલમાં જ હાઈકોર્ટને આ પ્રકારની સત્તા છે. પરંતુ તે ખુદ સંજ્ઞાન લઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે આ સાથે આપઘાત માટે ઉશ્કેરવાની ધારા ૩૦૬ હેઠળ આ ચુકાદો આપ્યો હતો. જેમાં આરોપીને આ કલમ હેઠળ આરોપીને નિર્દોષ જાહેર કર્યો પણ કલમ ૩૫૪ અને ૪૪૮ હેઠળ ત્રણ વર્ષની સજા અને ૨૫ હજારનો દંડ કર્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે કોઈ અપીલ વગર જ ખુદ સંજ્ઞાન લઈને આરોપીને આપઘાત માટે ઉશ્કેરવા બદલ પાંચ વર્ષની સજા કરી તેની સામે દોષીતે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે હાઈકોર્ટ ખુદ આ પ્રકારનું સંજ્ઞાન લઈ શકે નહીં.



# અયોધ્યામાં જમીન ખરીદવી મોંઘી થઈ, સર્કલ રેટમાં ૪૦ ટકાનો વધારો



અયોધ્યા : ૮ વર્ષ બાદ જિલ્લામાં જમીનોના સર્કલ રેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં ૯ થી ૪૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આનાથી સરકારી આવકમાં વધારો થવાની ધારણા છે, તો જમીનના ભાવમાં પણ વધારો થયો છે. નવા સર્કલ રેટ ૬ જૂન ૨૦૨૫થી લાગું થયાં છે. અગાઉ સર્કલ રેટ ૧ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ લાગુ કરવામાં આવ્યાં હતાં.

**ગ્રામીણ વિસ્તારોમાં ઊંચી વૃદ્ધિ, સરેરાશ ૩૦ ટકાનો વધારો દર :-**

ડેપ્યુટી રજિસ્ટ્રાર સદર શાંતિ ભૂષણ ચૌબેએ જણાવ્યું હતું કે, શહેરી વિસ્તારો કરતા ગ્રામીણ વિસ્તારોમાં સર્કલ રેટમાં વધુ વધારો કરવામાં આવ્યો છે. સર્કલ રેટને બજાર કિંમતની સમકક્ષ લાવી શકાય તે માટે સરેરાશ ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર જનરલ (રજિસ્ટ્રેશન) યોગેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે વાણિજ્યિક જમીનમાં ૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે જ્યારે રહેણાંક અને ખેતીની જમીનમાં આશરે ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેનાથી આવકમાં ૩૦ ટકા સુધીનો વધારો થવાની સંભાવના છે.

**રાજયની આવકમાં ૩૦ ટકાનો વધારો થવાની ધારણા :-**

શાંતિ ભૂષણ ચૌબેએ માહિતી આપતા કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સદર તહસીલને રૂ.૧૪,૯૬૦ લાખના લક્ષ્યાંક સામે રૂ.૧૫,૬૨૭ લાખની આવક થઈ હતી, જે લક્ષ્યાંક કરતાં ૪% વધુ હતી. ચાલું નાણાકીય વર્ષમાં મે મહિના સુધીમાં રૂ.૨,૩૯૪ લાખની આવક થઈ છે, જ્યારે સમગ્ર વર્ષ માટે રૂ.૧૬,૯૦૦ લાખનો લક્ષ્યાંક છે. સર્કલ રેટ વધવાથી આવકમાં ૩૦ ટકાનો વધારો થવાની આશા છે.

**સર્કલ રેટ શું છે? :-**

સર્કલ રેટ એ વિસ્તારમાં જમીન, ખાનગી મકાન અથવા અન્ય જમીનની મિલકતનું લઘુતમ મૂલ્ય છે, જે વહીવટ દ્વારા નક્કી કરવામાં આવે છે. આ દરથી નીચે સ્ટેમ્પ ડ્યુટી પર કોઈ મિલકતની નોંધણી કરાવી શકાતી નથી.

**ચોરસ અને તેની આસપાસની જમીનો સૌથી મોંઘી હોય છે :-**

ચોક અને તેની આસપાસનાં વિસ્તારો જેવાં કે અકાબ બજાજા ચોક, કોઠાપરચા ચોક, કોઠાપરચા મોતી બાગ, ગુટ્ટી બજાર, જમુનિયા બાગ, તકસલ, પાન ગલી, બજાજા, રેફ્યુજી માર્કેટ અને સબઝી મંડી ચોકનો સર્કલ રેટ વધીને રૂ.૨૭,૩૦૦ પ્રતિ ચોરસ મીટર થયો છે, જે અગાઉ રૂ.૧૯,૯૦૦ હતો. જે લગભગ ૪૦ ટકાનો વધારો છે.

# હરિયાણા જમીન કૌભાંડ મામલે રોબર્ટ વાડ્રા ઈડીની ઓફિસે પહોંચ્યા

નવીદિલ્હી,તા.૧૦

કેન્દ્રીય તપાસ એજન્સી ED એ કથિત હરિયાણા જમીન કૌભાંડ કેસમાં રોબર્ટ વાડ્રાને સમન્સ પાઠવ્યું છે. પરંતુ રોબર્ટ વાડ્રા હજુ સુધી ED ઓફિસ પહોંચ્યા નથી. વાડ્રાને હરિયાણા જમીન કૌભાંડમાં PMLA હેઠળ સમન્સ પાઠવવામાં આવ્યા છે.



ED આ કેસમાં રોબર્ટ વાડ્રાની પૂછપરછ કરી ચૂકી છે. પહેલી પૂછપરછમાં જ વાડ્રાએ આરોપો અને કોઈપણ ખોટી પ્રવૃત્તિમાં સંડોવણીનો ઇનકાર કર્યો હતો.

રોબર્ટ વાડ્રા સંજય ભંડારીના કેસમાં આરોપી છે. ભંડારી ૨૦૧૬ માં ભારતથી ભાગી ગયો હતો અને હાલમાં યુનાઇટેડ કિંગડમમાં રહે છે, તે રોબર્ટ વાડ્રાનો નજીકનો સાથી હોવાનું કહેવાય છે. EDના આરોપો અનુસાર, સંજય ભંડારી પાસે અઘોષિત વિદેશી આવક અને કરોડોની મિલકતો છે, જેમાં લંડનના ૧૨ બ્રાયન્સ્ટન સ્કવેર અને લંડનના ૬ ગ્રોસવેનર હિલ કોર્ટ ખાતેની મિલકતોનો સમાવેશ થાય છે.

EDનો આરોપ છે કે PMLA ની જોગવાઈઓ મુજબ, આ મિલકતો કાળા નાણાંમાંથી મેળવવામાં આવી હતી અને CC થંપી અને સુમિત ચઢ્ઢા તેને છુપાવવામાં અને તેનો ઉપયોગ કરવામાં સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે થંપી રોબર્ટ વાડ્રાનો નજીકનો સાથી છે. રોબર્ટ વાડ્રાએ સુમિત ચઢ્ઢા દ્વારા લંડનમાં ૧૨ બ્રાયનસ્ટન સ્કવેર ખાતે ઉપરોક્ત મિલકતનું નવીનીકરણ જ કર્યું નહીં, પરંતુ તેમાં રહેતા પણ હતા.

# કેનેડામાં બે ભારતીય યુવકોના કમોતઃ એકનું ફાયરીંગમાં, બીજાનું તળાવમાં ડૂબી જતા મૃત્યુ

### પંજાબી યુવક ટેકસી પાર્ક કરતો હતો ત્યારે તેના પર ગોળી વરસાવાઈ, હરિયાણાના યુવકની લાશ તળાવમાંથી મળી આવી, પરિવારને હત્યાની આશંકા

**એડમોન્ટન (કેનેડા),તા.૧૦**

કેનેડામાં એક સપ્તાહમાં જ બે ઈન્ડિયન યુવકોના મોતની ઘટના સામે આવતા ઈન્ડિયન કોમ્યુનિટીમાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે.

એક યુવકની તેના ઘરની બહાર જ ચાર ગોળી મારી હત્યા કરી દેવામાં આવી , જ્યારે અન્ય એક યુવક તળાવમાં ડૂબી જતાં તેનું મોત થઈ ગયું હતું. આ યુવકની હત્યા કરવામાં આવી હોવાની તેના પરિવારે આશંકા વ્યક્ત કરી છે.

કેનેડાના એડમોન્ટનમાં રહેતા પંજાબના ૪૦ વર્ષના ઈન્દ્રપાલ સિંહ નામના યુવકની જૂન ૦૪એ ગોળી મારી હત્યા કરી દેવાઈ હતી. ઈન્દ્રપાલ સિંહ લધિયાણા જિલ્લાના જંડ ગામનો રહેવાસી હતો. તે કેનેડામાં ઉબર ટેક્સી ચલાવતો હતો. તેણે સવારે ૧૨.૩૦ કલાકે ઘરની બહાર પોતાની ટેક્સી પાર્ક કરી જ હતી કે અચાનક એક વ્યક્તિએ આવીને તેના પર ચાર રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું. ગોળી વાગવાથી તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું.

ઈન્દ્રપાલ સિંહ વર્ષ ૨૦૨૨માં કેનેડા આવ્યો હતો અને નવેમ્બર ૨૦૨૪થી એડમોન્ટનમાં પરિવાર સાથે રહેવા આવ્યો હતો. ત્યાં તે ટેક્સી ચલાવવાનું કામ કરતો હતો. અન્ય એક ઘટનામાં મે ૧૭થી ગુમ હરિયાણાના ૨૩ વર્ષના સાહિલ નામના યુવકની લાશ ૨૬-૨૭ મેની રાત્રે ટોરન્ટોના લેક તરતી મળી આવી આવી હતી. પરિવારે તેનું અપહરણ કરી હત્યા કરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરી છે. તેના પિતાનું કહેવું છે કે, સાહિલ તરતા આવડતું હતું એટલે તે પાણીમાં ડૂબી જાય તે વાત માની શકાય તેવી નથી. પૂર્વ સૈનિક હરીશ કુમારે પ્લોટ વેચી ૪૦ લાખ રૂપિયા ખર્ચી દીકરાને સ્ટડી માટે કેનેડા મોકલ્યો હતો.



# જૂનના પ્રથમ સપ્તાહમાં ૨૫% ચોમાસુ ખાધઃ હવે નવી સિસ્ટમ પર નજર

### મહારાષ્ટ્રમાં ઠપ્પ થતુ ચોમાસુ તા.૧૨ પછી આગળ વધી શકે

નવી દિલ્હીઃ દક્ષિણ પશ્ચિમનું ચોમાસુ કેરળના દરિયાકિનારે વહેલુ પહોંચ્યા બાદ છેક મુંબઈ સુધી ઝડપથી આગળ વધીને ઠપ્પ થઈ ગયુ છે. જેના કારણે જૂનના પ્રથમ સપ્તાહમાંજ ચોમાસાની ખાધ ૨૫% થઈ ગઈ છે અને હવામાન વિભાગ આશા રાખે છે કે પુરા જૂન માસમાં તે ખાધ પુરી થઈ જશે. તા.૧થી જૂન ૮ સુધીના આંકડા કહે છે કે આ સમયગાળા દરમ્યાન દેશમાં સરેરાશ ૨૦.૪ મીલીલીટર વરસાદ નોંધાયો છે જે ખરેખર ૨૭.૨ મીલીલીટરનો સરેરાશ રેકોર્ડ છે. ચોમાસુ એ મહારાષ્ટ્ર પર સ્થિર થઈ ગયુ છે અથવા અટકી પડયુ છે અને હવે તે તા.૧૨ની ગતિ કરશે તો પણ કર્ણાટકથી ગોવા ક્ષેત્રમાં ભારેથી અતિ ભારે વરસાદની ધારણા છે પણ મહત્વનું એ છે કે ચોમાસુ હવે જૂન માસના બાકીના સમયમાં સર્વત્ર રહે તે જરૂરી છે. તેનાથી ખરીફ પાકને માટે યોગ્ય વાવણી બની શકે છે.



# લોકમેળાના રાઈડ્સ સંચાલકોમાં તડાઃ નવું ગ્રુપ મેદાનમાંઃ બીજા દિ'એ ૪૦ ફોર્મ ઉપડયા

## સુરેન્દ્રનગરના રાઈડ્સ સંચાલકે એક સાથે યાંત્રીક રાઈડ્સના ૨૦ ફોર્મ નિયમોનું પાલન કરવાની તૈયારી સાથે ઉપાડયાઃ રમકડાના સ્ટોલની સંખ્યામાં ૨૦નો વધારો





રાજકોટ તા.૧૦

રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે યોજાનાર ભાતીગળ લોકમેળા અંગે આ વખતે વહેલાસર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેમાં ગઈકાલથી યાંત્રીક રાઈડ્સ અને સ્ટોલના ફોર્મનું વિતરણ શરૂ કરી દેવાયું છે.

આ દરમ્યાન રાઈડ્સ સંચાલકોએ એસઓપીમાં ફાઉન્ડેશન સહિતના મુદ્દે બાંધછોડ કરવાની માંગણી ઉઠાવી વહીવટી તંત્રનું નાક દબાવવાના પ્રયાસો કરી લોકમેળાનો બહિષ્કાર કરવા સુધીની ચેતવણી આપી દેતા ભારે વિવાદ સર્જાયો છે. જો કે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા લાખો લોકોની સુરક્ષાના ભોગે એસઓપીમાં કોઈ પણ જાતની બાંધછોડ કરાશે નહીં તેવું ગઈકાલે જ જાહેર કરી દેવામાં આવેલ હતું.

ગઈકાલે લોકમેળાના પાંચ જેટલા ફોર્મ ઉપડયા બાદ આજે બીજા દિવસે ૪૦ જેટલા ફોર્મ બપોર સુધીમાં વેપારીઓએ ઉપાડેલ છે જેમાં સુરેન્દ્રનગરના રાઈડ્સ સંચાલકે એસઓપીનું પાલન કરવાની તૈયારી સાથે ૨૦ જેટલા ફોર્મ ઉપાડી લીધા છે. જે દર્શાવે છે કે રાઈડ્સ સંચાલકોમાં હવે અંદરોઅંદર ફાટા પડવા લાગ્યા છે.

આ ઉપરાંત લોકમેળાના જુના રાઈડ્સ સંચાલક જાકીરભાઈનો સંપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે તેઓ રાઈડસ સંચાલકોની લડતમાં જોડાયેલ નથી. આગામી શનિવાર સુધીમાં તેઓ પણ રાઈડસના ફોર્મ ઉપાડશે. અહીં ઉલ્લેખનીય છે કે ગઈકાલે લોકમેળાના સ્ટોલના પાંચ જેટલા ફોર્મ પ્રથમ દિવસે ઉપડયા હતા. જે બાદ આજે ૪૦ જેટલા ફોર્મ વેપારીઓએ ઉપાડયા છે જેમાં રાઈડસ સંચાલકોમાં ફાટા પડતા સુરેન્દ્રનગરના રાઈડસ સંચાલકે એક સાથે ૨૦ જેટલા ફોર્મ ઉપાડી લેતા લોકમેળાની રાઈડસ માટે હવે નવું ગ્રુપ પણ મેદાનમાં આવી જવા પામ્યું છે. જયારે લોકમેળામા આઈસ્ક્રીમ, ખાણીપીણી રમકડા સહિતના સ્ટોલોના ૨૫ જેટલા ફોર્મ અત્યાર સુધીમાં વેપારીઓએ ઉપાડયા છે. આગામી દિવસોમાં લોકમેળાના ૨૩૮ જેટલા સ્ટોલ-પ્લોટ માટેની હરરાજી કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા લોકમેળાનો નકશો પણ જાહેર કરી દેવામાં આવેલ છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે લોકમેળામાં આઈસ્ક્રીમના ચોકઠાને પાંચ દિવસનું ભાડુ સૌથી વધુ રૂા.૪.૫૦ લાખ નિયત કરાયેલ છે જયારે ૫૦ બાય ૮૦ ફુટની મોટી રાઈડસનું ભાડુ ૪.૨૦ લાખ નકકી કરાયું છે. ગત વર્ષની તુલનામાં આ વખતે રમકડાના સ્ટોલની સંખ્યામાં ૨૦નો વધારો કરવામાં આવેલ છે. જયારે એફ કેટેગરીની યાંત્રીક રાઈડસમાં ૪નો ઘટાડો કરવામાં આવ્યો છે.

## SOP હળવી નહીં કરાય તો ગુજરાતના તમામ લોકમેળાનો બહિષ્કાર કરાશે

### રાઈડ્સ માટે ફાઉન્ડેશન ભરવું કે બીલ આપવા અશકયઃ બાલભવન ખાતે મળેલી ગુજરાત એમ્યુઝમેન્ટ એસો.ની બેઠકમાં નિર્ણય



રાજકોટ તા.૧૦

લોકમેળાની એસઓપી હળવી નહીં કરાય તો ગુજરાતના તમામ લોકમેળાનો બહિષ્કાર કરાશે તેવી ગઈકાલે બાલભવન ખાતે મળેલી ગુજરાત એમ્યુઝમેન્ટ એસોસીએશનની બેઠકમાં એસો.ના હોદેદારોએ ચેતવણી આપી આ અંગેનો ઠરાવ કર્યો હતો.

એમ્યુઝમેન્ટ એસોસીએશનના હોદેદારોએ જણાવ્યું હતું કે લોકમેળામાં રાઈડસ માટે ફાઉન્ડેશન ભરવું શકય નથી. કે લોખંડની રાઈડસના બીલ આપવા પણ શકય ન હોય, તેઓની પાસે જે રાઈડસ છે તેની સાથે જ તેનું ફાઉન્ડેશન પણ હોય છે. જેથી નવું ફાઉન્ડેશન ભરવું શકય નથી.

ગુજરાત સરકાર અને વહીવટી તંત્રએ એસઓપીના નિયમોમાં ફેરફાર કરી નિયમોને હળવા કરવા અતિ આવશ્યક છે. ૨૫ મે ૨૦૨૫થી ગુજરાતમાં મેળાઓ અંગેની એસઓપી જાહેર કરવામાં આવ્યા પછી એક પણ મેળો યોજાયેલ નથી. જયાં મેળો યોજાયો છે ત્યાં એસઓપીના નિયમોને લઈને તંત્ર દ્વારા રાઈડસ સંચાલકોને હેરાન-પરેશાન કરવામાં આવેલ હતા જેથી એસઓપી હળવી કરવી અતિ જરૂરી છે તેમ પ્રશાંત ભટ્ટ અને કૃણાલ ભટ્ટે જણાવ્યું હતું. રાઈડસના નિયમોની પ્રક્રિયા સરળ કરાઈ તે તેઓની માંગ છે. જો આ બાબતે રાજય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરાય તો રાજયભરના મેળાઓનો તેઓ બહિષ્કાર કરશે.

## ઓસ્ટ્રેલિયાની સ્કુલમાં શુટઆઉટઃ આઠના મોત થયા હોવાના અહેવાલ

સીડની તા.૧૦

ઓસ્ટ્રેલિયાની એક સ્કુલમાં થયેલા હુમલામાં આઠ લોકો માર્યા ગયા છે અને હજુ હુમલાખોરો સક્રીય હોવાનું બહાર આવ્યું છે. ઓસ્ટ્રેલિયન સીટી ગ્રાઝમાં આ ઘટના બની છે. પોલીસના જણાવ્યા મુજબ સેકન્ડરી સ્કુલમાં ઓચિંતા જ શુટઆઉટ સર્જાયુ છે. મૃતકોમાં બાળકો છે કે કેમ તે અંગે પોલીસે હજુ કોઈ માહિતી આપી નથી અને આ અંગે વધુ પોલીસદળને દોડાવાયા છે.

## રાજસ્થાનમાં બનાસ નદીમાં ૧૧ યુવકો ડુબ્યાઃ આઠ મૃતદેહ મળ્યા

### જયપુરથી પીકનીક મનાવવા પહોંચેલા યુવકો નદીમાં ન્હાવા ઉતર્યા બાદ ઉંડા પાણીમાં તણાયા



જયપુર તા.૧૦

રાજસ્થાનના ટોંક જિલ્લામાં બનાસ નદીમાં ૧૧ યુવકો ડુબી જતા અત્યાર સુધીમાં આઠના મૃતદેહ મળ્યા છે જયારે ત્રણની શોધ ચાલુ છે. આ યુવકો ન્હાવા માટે નદીમાં ગયા હતા અને તેઓ ઉંડા પાણીમાં ગરક થઈ ગયા હતા. તુર્તજ આસપાસના રહેવાસીઓ તેમને બચાવવા માટે કાર્યવાહી કરી હતી પરંતુ તમામ ૧૧ લોકો ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હોવાથી શોધવાનું મુશ્કેલ બન્યુ હતું. આ તમામ જયપુરથી આવ્યા હતા અને એક પીકનીકના આયોજન હેઠળ તેઓ પહોંચ્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ તમામ એક સાથે નદીમાં ન્હાવા માટે ઉતાર્યા હતા. પરંતુ પાણીમાં અજાણ હોવાથી અચાનક જ ઉંડા પાણીમાં ચાલ્યા ગયા હતા અને એક બાદ એક લાપતા બની ગયા હતા. સ્થાનિક તંત્ર દ્વારા બાદમાં આઠ લોકોના મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા છે જયારે હજુ ત્રણની શોધ ચાલુ છે. આ તમામ જયપુરના રહેવાસીઓ હોવાથી રાજય સરકાર દ્વારા તેમના કુટુંબીજનોને જાણ કરવાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

## એરપોર્ટ રોડ પર ક્રાઈમ બ્રાન્ચનો દરોડોઃ બુટલેગર ચંદુ ટોપીયા ૪૮ બોટલ સાથે ઝડપાયો

રાજકોટ. તા.૧૦

ક્રાઈમ બ્રાન્ચ ટીમે એરપોર્ટ રોડ પર શ્રેયસ સોસાયટીના રહેણાંક મકાનમાં દરોડો પાડી દારૂની ૪૮ બોટલ સાથે બુટલેગર ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણભાઈ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ મનીષ ચાવડાને ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણ ટોપીયા હાલ એરપોર્ટ રોડ શ્રેયસ સોસાયટી શેરી નંબર-૬ સ્થિત 'નચિકેત' મકાન ખાતે ફળિયામાં હીચકા પાસે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની બોટલ સાથે હાજર છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી મકાનમાંથી ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણ ટોપીયા (ઉ.વ.૫૨ રહે. પેડક રોડ બોમ્બે સુપર હાઈટ્સ-૧, સેટેલાઈટ ચોક) મળી આવતા તેને સાથે રાખી મકાનની ઝડતી કરતા હીચકા પાસે પીળા કલરની પ્લાસ્ટિકની કોથળીમાંથી વોડકાની ૪૮ બોટલ જેની કિંમત રૂા. ૪૮૦૦ મળી આવતા ક્રાઈમ બ્રાન્ચે બુટલેગર ચંદુ ઉર્ફે સંજય લક્ષ્મણ ટોપીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## રેલનગર હાઈવે પર કારે બાઈકને ઠોકરે લીધું, પુત્રની નજર સામે ૮૩ વર્ષીય માતાનું મોત



### કર્ણાવતી સ્કૂલ પાસે રહેતા પુષ્પાબેન નાંઢા તેના ૬૩ વર્ષીય પુત્ર અરવિંદભાઈના બાઈક પાછળ બેસી નાના પુત્ર સંજયના ઘરે જમવા જતા હતા ત્યારે બનાવ બન્યો

રાજકોટ, તા.૧૦

રેલનગર હાઈવે પર એડીબી હોટલ પાસે કારે બાઈકને ઠોકરે લેતા પુત્રની નજર સામે ૮૩ વર્ષીય માતાનું મોત નીપજ્યું હતું. કર્ણાવતી સ્કૂલ પાસે રહેતા પુષ્પાબેન તેના ૬૩ વર્ષીય પુત્ર અરવિંદભાઈના બાઈક પાછળ બેસી નાના પુત્ર સંજયના ઘરે જમવા જતા હતા ત્યારે બનાવ બન્યો હતો. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

આ અંગે મળતી વિગત મુજબ રેલનગરમાં કર્ણાવતી સ્કૂલ પાસે શ્રી નાથજી પાર્ક શેરી નંબર ૫માં રહેતા પુષ્પાબેન અશોકભાઈ નાંઢા (ઉં.વ.૮૩) તેમના પુત્ર અરવિંદ અશોકભાઈ નાંઢા (ઉં.વ.૬૩)ના બાઈક પાછળ બેસી એડીબી હોટલ પાછળ રહેતા તેમના નાના પુત્ર સંજયના ઘરે જમવા માટે જતા હતા ત્યારે આશરે ૧ વાગ્યાં આસપાસ રેલનગર હાઇવે પર રવેચી હોટલ અને એડીબી હોટલની વચ્ચે કોઈ અજાણ્યા કાર ચાલકે અડફેટે લેતા બંને જમીન પર પટકાયા હતા. બંનેને ઇજા થતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં



તસ્વીરઃ સરફરાઝ પઠાણ)

### પુત્ર અરવિંદભાઈને ઈજા પહોંચતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા

આવ્યા હતા. અહીં પુષ્પાબેન ને જોઈ તો પાછી ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. જ્યારે અરવિંદભાઈ ને ઈજા થઈ હોય તેમને સારવાર માટે દાખલ કરાયા હતા.

બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસની ટીમ દોડી ગઈ હતી પાંચ વર્ષમાં જાણવા મળ્યું હતું કે પુષ્પાબેનને સંતાનમાં ત્રણ દીકરા છે અને એક દીકરી છે. પુષ્પાબેનના પતિ અશોકભાઈ હયાત નથી. જ્યારે ઇજાગ રસ્તો અરવિંદભાઈ હાલ નિવૃત્ત છે. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

## LRD કેડરની પરીક્ષાના ઉમેદવારો માટે રાજયમાં ૧૫૦૦ ખાસ બસ દોડાવાશે

### રાજકોટ ડેપોથી પણ ૧૦૦ એસ.ટી. બસની વ્યવસ્થા : ટોલ ફ્રી નંબર જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૧૦

પોલીસ ભરતી બોર્ડ દ્વારા તા. ૧૫-૬ના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી લોકરક્ષક કેડરની લેખીત પરીક્ષા રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર પરીક્ષા કેન્દ્રો ખાતે લેવાની છે. આ પરીક્ષામાં ભાગ લેનારા ઉમેદવારો માટે પૂરા રાજયમાંથી ૧૫૦૦ એસ.ટી. બસ દોડાવવાનું આયોજન સરકારે કર્યુ છે. આ પૈકી ૧૦૦ સીટી બસ રાજકોટ ડેપોથી દોડાવવામાં આવશે.

આ સંદર્ભે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ઉમેદવારોને પોતાના વતનના નજીકના ડેપો ખાતેથી પરીક્ષા કેન્દ્રના નજીકના ડેપો સુધી જવા-આવવા માટે જરૂરિયાત મુજબ તા-૧૪ અને તા. ૧૫ના રોજ એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉમેદવારોના ધસારાને ધ્યાને લઇ નિગમ દ્વારા એડવાન્સમાં એકસ્ટ્રા બસ સર્વીસોનું ઓનલાઈન ટીકીટ બુકિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એકસ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસોનું નિગમના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી તમામ ઉમેદવારો દ્વારા કાઉન્ટર તથા એડવાન્સ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. ઉમેદવારો સંચાલન સંબંધિત પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે તેમ જણાવાયું છે.

## ગોંડલ ચોકડી પાસેના BAPSના પ્રેમવતી રેસ્ટોરન્ટને શરતભંગની નોટીસ ફટકારતા કલેકટર

### કલેકટર તંત્રએ ફાળવેલી ૧૦ હજાર ચોરસ મીટર પર રેસ્ટોરન્ટ-ગાર્ડન ખડકી દેતા કાર્યવાહીઃ આગામી માસે રૂબરૂ સુનાવણી માટે હાજર થવા ફરમાન

રાજકોટ તા.૧૦

શહેરના ગોંડલ ચોકડી નજીક વાવડી વિસ્તારમાં આવેલ પ્રેમવતી રેસ્ટોરન્ટને શરતભંગ બદલ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા નોટીસ ફટકારી આગામી માસના પ્રથમ સપ્તાહમાં આ અંગેની સુનાવણી રાખવામાં આવી છે.

સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા આ પ્રેમવતી રેસ્ટોરન્ટના શરતભંગના મામલે કરાયેલ રીપોર્ટના આધારે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ પ્રકરણમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે શહેરના વાવડી વિસ્તારમાં સર્વે નં.૩૮/૧ પૈકીની ૧૦૦૦૦ ચો.મી. જમીન વર્ષો પૂર્વે કલેકટર તંત્ર દ્વારા બીએપીએસ સંસ્થાને ફાળવવામાં આવી હતી. પરંતુ જેનો મુળ હેતુ સિધ્ધ નહીં થતા અને આ ૧૦ હજાર ચો.મી. જમીન કે જે કલેકટર તંત્ર દ્વારા ફાળવવામાં આવેલ તેમાં શરતભંગ કરી રેસ્ટોરન્ટ અને ગાર્ડન ખડકી દેવાયું હતું. આ મામલે સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા સ્થળ તપાસ બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીને તેનો રીપોર્ટ કરવામાં આવેલ હતો. જેના આધારે હવે કલેકટર પ્રભવ જોશી દ્વારા આ મામલે નોટીસ ફટકારી આગામી માસના પ્રથમ સપ્તાહમાં રૂબરૂ સુનાવણી માટે કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત રહેવા ફરમાન કરી દેવામાં આવેલ હોવાનું કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું.

## કટારીયા ચોકડીએ ૨૫ કાચા-પાકા મકાનોનું ડિમોલીશન

### ફલાયઓવરના કામ અંતર્ગત સર્વિસ રોડ કાઢવા ૧૫ કરોડની જગ્યા સાથેનો પ્લોટ ખુલ્લો કરાવાયો : હવે રોડનું કામ શરૂ થશે





વેસ્ટ ઝોનમાં કટારીયા ચોકડી પાસે બ્રીજના કામના ભાગરૂપે સર્વિસ રોડ બનાવવાનો છે. આ જગ્યા પર ગેરકાયદે ખડકાયેલા ૨૫ મકાનોના ડિમોલીશન કરી જગ્યા ખુલ્લી કરાવાઇ છે.

રાજકોટ, તા. ૧૦

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કાલાવડ રોડ પર કટારીયા ચોકમાં ફલાયઓવરનું કામ શરૂ કરતા પૂર્વે ડાયવર્ઝન અને સર્વિસ રોડના કામ ચાલી રહ્યા છે ત્યારે નવા રીંગ રોડ ટચ આવા જ રોડ પર ખડકાયેલા ૨૫ જેટલા કાચા-પાકા મકાનો પર ટીપી શાખાએ બુલડોઝર ફેરવી દીધા છે. આ રીતે ૧૫ કરોડની જમીન તંત્રએ ખુલ્લી કરાવી છે.

કમિશ્નરના હુકમથી અને ડે.કમિશ્નરના માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોન ટીપી શાખાએ આજે સવારે આ ઓપરેશન કર્યુ હતું. કોર્પો.ને વોર્ડ નં.૧૧માં ટીપી સ્કીમ નં.૧૦ મોટા મવા, અંતિમ ખંડ નં.૭૯/બીમાં કટારીયા ચોકડીએ સોશ્યલ ઇન્ફ્રાસ્ટ્રકચર હેતુનો પ્લોટ મળેલો છે. ચોકડીથી જમણી તરફ પોલીસ સ્ટેશન સામે અને લક્ષ્મીના ઢોરા પહેલા આવેલ આ જગ્યા પર ૨૫ જેટલા કાચા-પાકા મકાનો બંધાઇ ગયા હતા. આ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવીને ૧૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. અહીં પ્રતિ ચો.મી. ભાવ રૂા. એક લાખ ગણતા જગ્યાની બજાર કિંમત ૧૫ કરોડ હોવાનું વિભાગે જણાવ્યું હતું.

આ અંગે વેસ્ટ ઝોનના સીટી ઇજનેર કુંતેશ મહેતાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, કટારીયા ચોકડીએ વિશાળ કેબલ બ્રીજનું મુખ્ય કામ શરૂ કરતા પૂર્વે રોડની બંને તરફ ડાયવર્ઝન સાથે સર્વિસ રોડના કામ કરવામાં આવી રહ્યા છે. આ જગ્યાએ મકાનના દબાણ હતા. ત્યાંથી વાહનો માટે વૈકલ્પિક સર્વિસ રોડ બનાવવાના થાય છે. આથી આ જગ્યા ખુલ્લી કરાવવામાં આવી છે. આ ડિમોલીશનમાં ટીપી શાખાનો કાફલો, એસ્ટેટ, ફાયર, રોશની, વિજીલન્સ પોલીસ અને પીજીવીસીએલના કર્મચારીઓ જોડાયા હતા.

## જીલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણીના ઓબ્ઝર્વર રાજકોટમાંઃ ઉમેદવારી ફોર્મની ચકાસણી

### કલેકટર કચેરી ખાતે ઓબ્ઝર્વર દ્વારા કલેકટર-પ્રાંત અધિકારીઓ સાથે બેઠકઃ ચૂંટણી તૈયારીઓની સમીક્ષાઃ કાલે સાંજ સુધીમાં પંચાયતોનું ચુંટણી ચિત્ર સ્પષ્ટ

રાજકોટ તા.૧૦

રાજકોટ જીલ્લાની ગ્રામ પંચાયતોની આગામી તા.૨૨મીના યોજાનાર પેટા ચૂંટણીમાં ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી આજે કરવામાં આવી રહી છે. આવતીકાલે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કાલ બપોર સુધીમાં પંચાયતોનું ચૂંટણી ચીત્ર સ્પષ્ટ બની જશે.

દરમ્યાન જીલ્લાની ગ્રામ પંચાયતોની આ ચૂંટણીને લઈ ચૂંટણી ઓબ્ઝર્વર પ્રજાપતિ પણ આજે રાજકોટ આવી પહોંચ્યા છે. ચૂંટણી ઓબ્ઝર્વર પ્રજાપતિ દ્વારા આજે બપોરના જીલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ અને ડેપ્યુટી કલેકટરો સાથે બેઠક કલેકટર કચેરી ખાતે આયોજીત કરવામાં આવી છે. જેમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લામાં ૬૪ ગ્રામ પંચાયતોની સામાન્ય અને ૨૪૩ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં રાજકોટ તાલુકાના પાંચ ગામોની સામાન્ય ચૂંટણી સરપંચ પદ માટે ૨૩, અને સભ્યપદ માટે ૬૨ ઉમેદવારી ફોર્મ ભરાયા છે જયારે કોટડાસાંગાણી તાલુકાની બે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સરપંચ પદ માટે ૧૩ અને સભ્ય પદ માટે ૨૧ આવી જ રીતે લોધીકાની એક પંચાયતમાં સરપંચ પદ માટે ૬ અને સભ્ય માટે ૧૧ પડધરી તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં સરપંચ માટે ૧૧ અને સભ્ય માટે ૩૭, ગોંડલની છ પંચાયતોમાં સરપંચની ૨૪ અને સભ્ય માટે ૧૩૦, જેતપુર તાલુકાની ત્રણ પંચાયતમાં સરપંચ ૧૧ અને સભ્યો માટે ૭૭, ધોરાજીની બે ગ્રામ પંચાયતોમાં સરપંચ ૧૨ અને સભ્ય માટે ૭૫ જામકંડોરણાની સાત પંચાયતોમાં સરપંચ ૧૫ અને સભ્યો માટે ૬૭, જસદણની ૧૫ પંચાયતોમાં સરપંચ માટે ૫૪ અને સભ્ય માટે ૨૫૯, વિંછીયાની ૧૬ પંચાયતોમાં સરપંચ માટે ૬૬ અને સભ્ય માટે ૨૪૮ ફોર્મ ભરાયા છે. આમ કુલ જીલ્લાની ૬૪ પંચાયતોમાં સરપંચ માટે ૨૫૯ અને સભ્યો માટે ૧૦૩૭ મુરતીયાઓએ ફોર્મ ભરી દાવેદારી નોંધાવી છે. કાલે સાંજ સુધીમાં પંચાયતોનું ચૂંટણી ચીત્ર સ્પષ્ટ બની જશે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
| --- | --- |
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૨૦-૨૩૭૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૭૦-૨૩૨૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૦૦-૨૧૫૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૦૫૦-૨૧૦૦ |
| પામોલીયન તેલ | ૧૮૬૦-૧૮૮૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૯૦-૨૧૩૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૫૦-૨૦૭૦ |
| મકાઇ તેલ | ૧૯૨૦-૧૯૪૦ |
| વનસ્પતિ ઘી | ૨૧૧૦-૨૧૩૦ |
| કોપરેલ | ૪૯૦૦-૫૧૦૦ |
| દિવેલ | ૨૧૭૦-૨૧૯૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
| --- |
| ૯૯૫૦૦(+૨૦૦) |

| ચાંદી |
| --- |
| ૧૦૯૦૦૦(-) |